# ભાષાવિદ્/ ભાષાશાસ્ત્રી

ભાષાશાસ્ત્ર એ માનવ ભાષાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે, જેમાં શબ્દાર્થ અથવા તો શબ્દોના અર્થનિર્ધારણથી શરૂ કરીને મનોવિજ્ઞાન તેમજ સમાજશાસ્ત્ર સુધીની બાબતોનો સમાવેશ થાય છે. જમીની સ્તર પર ક્ષેત્રિય કાર્ય કરીને, સાક્ષરતા કાર્યક્રમોની સ્થાપના કરીને, લુપ્ત થતી ભાષાઓનું દસ્તાવેજીકરણ, વિશ્લેષણ અને જાળવણી કરવી એ ભાષાશાસ્ત્રીઓની મુખ્ય કામગીરીઓ પૈકીની એક મહત્ત્વની કામગીરી છે . તેઓ કોઇ ભાષાને સંરક્ષિત માટે એક સમુદાય તરીકે કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ભાષાઓનો અભ્યાસ કરવાનું ગમે છે
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬,૭૦૦ થી ૭,૧૧,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ભાષાશાસ્ત્રમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, ભાષાશાસ્ત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

ભાષાશાસ્ત્રમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, ભાષાશાસ્ત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. અથવા ભાષાશાસ્ત્ર/એપ્લાઇડ ભાષાશાસ્ત્રમાં ડિપ્લોમા કરો.

**અથવા**

તમારી પસંદગીના વિષયમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, તમારી પસંદગીની વિદેશી ભાષામાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ભાષાવિદ્ નું અંદાજીત માસિક વેતન
રૂ. ૮,૫૦૦ થી ૩,૩૪,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Linguist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** શૈક્ષણિક સંસ્થાઓ, પ્રચાર-પ્રસાર માધ્યમો, જનસંપર્ક અને માર્કેટિંગ કંપનીઓ, પ્રકાશન સંસ્થાઓ, કાયદા સંસ્થાઓ, સંશોધન અને સર્વે સંસ્થાઓ, ટેલિકમ્યુનિકેશન કંપનીઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → જુનિયર ભાષાશાસ્ત્રી → વરિષ્ઠ ભાષાશાસ્ત્રી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લેંગ્વેજીઝ, લેંગ્યુઈસ્ટ, લેંગ્યુઈસ્ટીક એક્સપર્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટ્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા
૨. એમ.કે.બી.યુ., ભાવનગર
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૪. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
૫. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હી
૬. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. આચાર્ય જગદીશ ચંદ્ર બોઝ કોલેજ, કોલકાતા
૩. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૪. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૫. આચાર્ય ઈન્સ્ટિટ્યુટ ઓફ ગ્રેજ્યુએટ સ્ટડીઝ, બેંગલુરુ
૬. ઈન્ડુસ યુનિવર્સિટી, અમદાવાદ
૭. આંધ્ર લોયોલા કોલેજ, વિજયવાડા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec20_1g06/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**તિસ્તા બાગચી** દિલ્હી યુનિવર્સિટીમાં ભાષાશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર છે અને તે એક પ્રતિષ્ઠિત ભારતીય ભાષાશાસ્ત્રી અને નીતિશાસ્ત્રી છે. બાગચીએ કોલકાતાની સંસ્કૃત કોલેજ, દિલ્હી યુનિવર્સિટી તેમજ શિકાગો યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો, જ્યાંથી તેણીએ ભાષાશાસ્ત્રમાં પી.એચ.ડી. કર્યું. તેણીનું કાર્ય સામાન્ય રીતે ભાષાઓમાં અને ખાસ કરીને દક્ષિણ એશિયાની ભાષાઓમાં શબ્દાર્થ અને વાક્યરચના સંબંધી મુદ્દાઓને આવરી લે છે.*

સ્રોત: https://philpeople.org/profiles/tista-bagchi

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.